મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મજયંતિ નિમિત્તે જિલ્લા કક્ષાના "રન ફોર યુનિટી" કાર્યક્રમનું આયોજન કરાયું

મહીસાગર,

દેશને એકજુટ કરવા માટે બહુમૂલ્ય યોગદાન આપનાર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મજયંતિ નિમિતે આજ રોજ જિલ્લા વહિવટી તંત્ર મહીસાગર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના "રન ફોર યુનિટી" કાર્યક્રમ કલેક્ટર ભાવિન પંડ્યાની ઉપસ્થિતમાં ઈન્દીરા મેદાન ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

દરેક વ્યકિતના મનમાં એકતા અને અખંડિતતાનો ભાવ જાગૃત થાય તે હેતુસર " એક ભારત શ્રેષ્ઠ ભારત, આઝાદી કા અમૃત મહોત્સવ"ની થીમ સાથે "રન ફોર યુનિટી" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. જેનો શુભારંભ ઈન્દિરા મેદાન ખાતેથી કરવામાં આવ્યો. મહાનુભાવોએ ફલેગ ઓફ આપી રન ફોર યુનિટીનો પ્રારંભ કરાવ્યો હતો. જેમા શહેરીજનો અને બાળકો જોડાયા હતા.




કલેક્ટરએ લૂણેશ્વર પોલીસ ચોકી પાસે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી.અને કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો અને બાળકોએ રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લીધા હતા.

આ પ્રસંગે અધિક નિવાસી કલેક્ટર, પ્રાંત અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, યુવા વિકાસ અધિકારી, બાળકો સહિત નગરજનો જોડાયા હતા.

# મહીસાગર જિલ્લાના ચુથાનામુવાડા ગામે નવ નિર્માણ પામનાર સામુહિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

મહીસાગર,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ચુથાનામુવાડા અને રામભેમ ના મુવાડા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી નિમિષાબેન સુથારના હસ્તે નવ નિર્માણ પામનાર સામુહિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનુ લોકાર્પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે મંત્રી નિમિષાબેન સુથારે જણાવ્યું હતું કે,લોકોને સ્વાસ્થ્યને લગતી સુવિધા ઘરઆંગણે મળશે.દર્દીઓને સેવા અર્થે મેલ વોર્ડ,ફિમેલ વોર્ડ,એક્ષરે-રે,લેબોરેટરી,લેબર રૂમ,ઓપરેશન થીયેટર,મેડિસિન રૂમ,સ્ટોર રૂમ,ડોક્ટર રૂમ,ડેન્ટિસ્ટ રૂમ વગેરે બમધકામ થશે જેના હેઠળ આસપાસના ૨૦થી૨૫ ગામોને આરોગ્ય લક્ષી સેવાઓ મળશે.કિડનીની ગંભીર બીમારીમાં જરૂરી ડાયાલીસીસ સેવા અર્થે દર્દીને બહાર ન જવું પડે અને તાલુકામાં સેવા મળી રહે તે હેતુસર આપના જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ લુણાવાડા, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સંતરામપુર, સા.આ.કેકડાણા, સા આ કેબાલાસિનોર સા.આ કે વિરપુર,અને સા.આ.કે બાકોર ખાતે આ સેવાઓ ઉપલબ્ધ છે. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ગામના સરપંચ, આરોગ્ય કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામ જનો ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

# ઝાલોદના ફુલપુરા ગામે ઝગડાની અદાવતમાં પથ્થરમારો કરતાં ૬ દિવસની નવજાત બાળકનું પથ્થર વાગતાં મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ફુલપુરા ગામે ચકચારી બનાવ બનવા પામ્યો છે. જેમાં અગાઉના ઝગડાની અદાવત રાખી મહિલા સહિત બે ઈસમોએ એક વ્યકિતના ઘર ઉપર પથ્થર મારો કરતાં એક નવજાત ૬ દિવસના બાળકને માથાના ભાગે પથ્થરો વાગતાં નવજાત બાળકનું મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે પંથકમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ગત તા.૨૯મી ઓક્ટોમ્બરના રોજ ઝાલોદ તાલુકાના ફુલપુરા ગામે ડાબુડીયા ફળિયામાં રહેતાં મલાભાઈ સડીયાભાઈ ડામોર અને રાધાબેન દિતાભાઈ ડામોરે ઝાલોદ તાલુકાના મહુડી ગામે પારગી ફળિયામાં રહેતાં ભાવેશભાઈ દેવસીંગભાઈ પારગીના સસરાની સાથે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ભાવેશભાઈ તથા તેમના પરિવારજનો ફુલપુરા ગામે હાજર હતા. તે સમયે મલાભાઈ તથા તેમની સાથે રાધાબેન એમ બંન્ને જણા અગાઉના ઝઘડાની અદાવત રાખી, બેફામ ગાળો બોલી, એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને હાથમાં પથ્થરો લાવી ઘર ઉપર પથ્થર મારો કરતાં ભાવેશભાઈના ૦૬ દિવસના બાળકને માથાના ભાગે પથ્થરો વાગતાં ભાવેશભાઈ દ્વારા નવજાત બાળકને ચાદરમાં વીટાળી નજીકના ખેતરમાં લઈ ગયાં હતા. જ્યાં ચાદર કાઢતાં બાળકને જોતા બાળકના માથાના ભાગે પથ્થરો વાગતાં ગંભીર ઈજાઓને પગલે નવજાત બાળકનું મોત નીપજતાં પરિવારજમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો જ્યારે પથ્થર મારો કરનાર મલાભાઈ તથા રાધાબેન બંન્ને નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે બંન્નેના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

આ સંબંધે ભાવેશભાઈ દેવસીંગભાઈ પારગીએ ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરા તાલુકા પંથકમાં જલારામ જયંતિની ઉજવણી કરાઈ



શહેરા,

શહેરાના મોરવા રેણા, પોયડા અને ગોકળપુરા સહિત સમગ્ર જિલ્લામાં જલારામ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ હતી. મંદિર ખાતે જલારામ બાપા ના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તોની ભીડ ઉમટી આવવા સાથે મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં જલારામ બાપાની જન્મ જયંતીની ઉજવણી કરાઈ હતી. જલારામ બાપાનું મંદિર રંગબેરંગી રોશનીથી શણગાર સજાવવામાં આવ્યો હતો. તાલુકાના મોરવા રેણા, પોયડા અને ગોકળપુરા ખાતે જલારામ બાપાની શોભાયાત્રા વાજતે ગાજતે વિસ્તારમાં નીકળી હતી. આ શોભાયાત્રા મા મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. જય જલારામની ધૂનથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. જ્યારે મોરવા રેણા ગામ ખાતે આવેલ જલારામ મંદિરે એ દિવસ દરમિયાન દર્શનાથે ભક્તોની ભીડ જોવા મળવા સાથે ભાવિક ભકતોએ મહાઆરતી અને પ્રસાદીનો લાભ લીધો હતો. અન્નકૂટ સહિત ભજન-કીર્તનના કાર્યક્રમો પણ મંદિર ખાતે યોજાયા હતા. તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં ભક્તિભાવપૂર્વક જલારામ જયંતિની ઉજવણી કરાઈ હતી.

# ફતેપુરા ખાતે શિવકથાના બીજા દિવસે પૂજ્ય ગિરીબાપુએ પંચાક્ષર મંત્રનો મહિમા સમજાવ્યો

ફતેપુરા,

દાહોદ જીલ્લાના ફતેપુરામાં પૂજ્ય ગિરીબાપુના મૂળ કંઠથી શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. શિવકથાના આજે બીજા દિવસે પૂજ્ય ગિરીબાપુએ જ્યારે નારદમુનિને ખ્યાલ આવ્યો કે મારી મોટી ભુલ થઈ છે. ત્યારે તુરંત બ્રહ્માજી પાસે પહોંચીને પસ્તાવો રજુ કરે છે.

બ્રહ્માજી એ શિવ પંચાક્ષર મંત્રનો જાપ કરવાનો ઉપાય બતાવ્યો અને પ્રાયશ્ચિત કર્યું. પંચાક્ષર મંત્રના મહિમા સમજાવતા બાપુએ કહ્યું તમામ મંત્રનું ઉદ્દભવ સ્થાન આ શિવ મંત્ર છે. ખુબ જ કલ્યાણકારી છે. એટલે એ મહામંત્ર કહેવાય છે. બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર, પવન, અગ્નિ જેવા તમામ દેવી દેવતાઓ આ પંચાક્ષર મંત્રનો જાપ કરે છે. સંતકોટી મંત્રનો ઉદ્દભવ સ્થાન આ મહામંત્ર છે. ૐ શબ્દ જોડવાથી તે સડસટ મંત્ર બને છે. જે મનુષ્ય ભકત જીવાત્મા આ મંત્ર જાપ કરે તેની તમામ મનોકામના પૂર્ણ થાય છે. તમામ સમસ્યાઓ રોગ, મુશ્કેલીઓ, મુસીબતો, જીવનના કોઈપણ પ્રશ્નો દુર થાય છે. એટલે શકિતશાળી છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

બ્રહ્માજીએ એક ત્રાજવે સતકોટી મંત્રોને એક પલડામાં મુક્યા અને બીજા પલડામાં આ શિવ પંચાક્ષર મંત્રને મુક્યો. ત્યારે શિવ મંત્રનું પલડુંની સામે બીજા મંત્રનું પલડું ઉંચુ થઈ ગયું.

આ શિવ મંત્ર નું જે મનુષ્ય ઉઠતાં બેસતાં ખાતાં પિતા ચાલતા બસ મંત્રનો જાપ કરવો પછી જુઓ મારા ભોલેનાથનો ચમત્કાર તમારૂં સર્વ પ્રકારે હંમેશાં કલ્યાણ જ થશે.

શિવજીને ભસ્મ ખુબ જ પ્રિય છે, કારણકે આ શરીર નાશવંત છે. બળીને ભસ્મ થઈ જશે માટે શરીર પર રંગ રોગાન કરવું નહીં. મોહ રાખવો નહીં.

ખાસ વાત એ કરી કે, કોઈ પણ શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ નથી મળતો કોઈ સંત મહાત્મા એ કહ્યું નથી કે શિવજીને ચિતા-ભસ્મ આરતી કરાઈ છે. એ ખોટી માન્યતાઓ છે. શિવ પુરાણમાં પણ એનો ઉલ્લેખ નથી મળતો. જે મનુષ્ય ભકત પોતાના શરીર પર ભસ્મ લગાવે છે. તેનાથી આપણા છીદ્રો જેટલા (સાડા ત્રણ કરોડ) જેટલા શિવલિંગ બનાવવાનું પુણ્ય કર્મ મળે છે. એટલું ચોક્કસ મહત્વ છે.


ભસ્મ લગાવવાથી અનેક રોગો દુર થાય છે. વેદવ્યાસ ભગવાને પણ પુરાણમાં કહ્યું છે.

# દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના નેનકી કલસ્ટર કો ઑર્ડિનેટર CLF પ્રમુખને હોદ્દા પરથી દૂર કરાતા તા.જી.અને ગૃહ મંત્રીને લેખિત રજૂઆત

સંજેલી,

સંજેલી તાલુકા પંચાયતમાં ચાલતી મોડલ ક્લસ્ટર લેવલ ફેડરેશન CLF ના પ્રમુખ વિરૂધ્ધ કમીટીની બહેનો દ્વારા લેખિત રજુઆત થતા જીલ્લા અને તાલુકા અધિકારી એ પ્રમુખના જવાબની તપાસ કર્યા વિના જ હોદ્દા પરથી દૂર કરાતા તાલુકા જિલ્લા અને સાંસદ સહિત ગૃહ મંત્રીને લેખિત રજૂઆત.

સંજેલી તાલુકામાં મારૂતિ નંદન કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉધ્મી વિતરણલક્ષી યોજના સરકારી જુથ મંડળી નામ થી કારોબારી કમીટીની સમિતિ બનાવી. તેમાં સંજેલી તાલુકા મહિલાઓ પોતાના પગભર રોજગાર મેળવી અને ઉભા થાય તેવા હેતુથી ૧૩ VO અને સખી સખીમંડળોની રચના કરી જેમાં પ્રમુખ પદે મધુબેન રમણભાઈ રાઠોડની નિમણુંક કરવામાં આવી હતી. તાલુકાની સખીમંડળ અને દક્ષ બહેનોને પોતાના પગ પર ઉભા થવા માટે ગાંધીનગર થી GITC માંથી એક કરોડ અઠ્ઠાવીસ વીસ લાખ રૂપીયા જમા કરવામાં આવ્યા હતા. જે બાદ VO કમીટીની બહેનો તેમજ સખીમંડળોને ધંધા રોજગાર મેળવવા માટે લાખો રૂપિયાનું ધિરાણ કરવામાં આવ્યું હતું.પરંતુ ઑડિટ દરમ્યાન જિલ્લા DLM તેમજ તાલુકાના TLM બાગાયત નર્સરીની ખરીદી કરવા માટે એક લાખ રૂપિયાનો ચેક મહિલા પ્રમુખના સહીથી લીધો હતો. જે બાદ ખરીદીના બીલો કે ખરીદી કરેલા વૃક્ષો આપવામાં આવ્યા ન હતા અને CLFની મહિલા પ્રમુખ દ્વારા એક લાખના લીધેલા ચેકના નાણાં જમા કરાવવા વારંવાર લેખીત રજુઆત કરવામાં આવી હતી અને આ બાબતે તાલુકા જિલ્લા અધિકારીને પણ જાણ કરવામાં આવી હતી. તેમ છતા પણ આ નાણાં જમા કરાવ્યાં ન હતા. મહિલાઓની રજુઆતને દયાને લીધા વગર જ પ્રમુખપદના હોદ્દા પરથી દૂર કર્યા હોવાના આક્ષેપ સાથે DLM CLF સહિત ચાર સામે કાયદેસરની કાર્યવાહીની માંગ સાથે મુખ્યમંત્રી ગૃહમંત્રી સાંસદ પોલીસવડા અને જિલ્લા પોલીસવડા અને સંજેલી પોલીસ મથકે લેખિત રજુઆત કરવામાં આવી છે.




# ઝાલોદના કાર્યપાલક ઈજનેર માર્ગ-મકાન કચેરીના નિવૃત રોજમદાર કર્મીઓને પેન્શન સહિતના લાભો ચુકવાશે

ઝાલોદ,

નામદારગુજરાત હાઈકોર્ટ દ્વારા દાહોદ જિલ્લાના કાર્યપાલક ઈજનેર મ અને મ પંચાયતના તાબા હેઠળની ઝાલોદ મુકામે આવેલ નાયબ કાર્યપાલક ઈજનેર મકાન અને માર્ગ વિભાગ પંચાતની કચેરીમાં નોકરી કરતા અને હાલ નિવૃત થયેલા ૩૪જેટલા ગરીબ રોજમદારોને ગ્રેજ્યુટી પેન્શન રજાઓ તથા અન્ય લાભો પેટે અંદાજી રકમ રૂપિયા ૧ કરોડ ૭૮ લાખ જેટલી માતબર રકમ ચૂકવાશે. કામદારોમાં આનંદની લાગણી.

દાહોદ જિલ્લાના મ અને મા પંચાયત ના કાર્યપાલક ઈજનેર ના તાંબા હેઠળની ઝાલોદ મુકામે આવેલ નાયબ કાર્યપાલક ઈજનેર મ અને મા પંચાયતની કચેરીમાં રોજમદાર તરીકે વર્ષોથી ફરજ બજાવતા ૩૪ જેટલા કામદારો નિવૃત્ત થતા સમયે તેમને મળવા પાત્ર ગ્રેજ્યુટી રજાઓ પેન્શન કે અન્ય મળવાપાત્ર લાભોથી વંચિત રાખતા સામુહિક કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ. ભોઈ દ્વારા સરકારના લાગતા વળગતા અધિકારીઓને૩૪ જેટલા કામદારો જેઓ વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૫ સુધી સમય દરમિયાનમાં નિવૃત્તિ થયા હોય તેઓને નિવૃત્તિના લાભો આપવા બાબતે લાગતા વળગતા અધિકારીઓને નોટીસ પાઠવેલ પરંતુ તે બાબતે સરકારી અધિકારીઓ તરફથી કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો. જેને લઈ ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ૩૪ કામદારોને નિવૃત્તિ પછીના તમામ લાભો જેવા કે, ગ્રેજ્યુટી પેન્શન રજાઓ તથા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ મેળવવા માટે સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નંબર ૪૩૨૯/૨૧ થી દાખલ કરેલ જે અરજી ચાલી જતા ફેડરેશનના એડવોકેટની દલીલો ધ્યાને લઈ કેસમાં પડેલા પુરાવા આધારીત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કેશના તમામ સંજોગો ધ્યાને લઈ તારીખ ૧૧/૨/૨૨ ના રોજ ૩૪ કામદારોને નિવૃત્તિ પછીના તમામ લાભો આપવા માટે ન્યાયમૂર્તિ નિખિલ એસ. કારીયેલે આખરી આદેશ કરે જે આદેશનો સમય મર્યાદામાં અમલ કરવા માટે ફેડરેશના પ્રમુખ દ્વારા સરકારના સમકક્ષ અધિકારીઓને નોટિસ આપવામાં આવેલ ત્યારબાદ પણ હુકમનો અમલ કરવામાં આવેલ ન હતો. જેને લઈ હુકમના આના દર બદલ ફેડરેશને કન્ટમ ઓફ ધ કોર્ટ એમ સી એ નંબર ૮૬૮/૨૨ દાખલ કરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જેને લઈ સરકાર દ્વારા કામદારો તરફે એસ સી એ માં અગાઉ થયેલા હુકમને પડકાર માટે સરકાર એ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એલપીએ નંબર ૩૦૧/૨૨ થી દાખલ કરવામાં આવે જે અરજી ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટના પેનલ ન્યાયમૂર્તિ એ.જે.દેસાઈ તથા મૌના એમ.ભટ્ટ તારીખ ૬/૧૦/૨૨ ના રોજ અગાઉ થયેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન અરજીમાં થયેલા હુકમને યથાવત રાખી તાત્કાલિક અસરથી વર્ષોથી નિવૃત્ત થયેલ કામદારોને રોજમદાર તરીકે દાખલ તારીખનો સમયગાળો સળંગ ગણી નિવૃત્તિની તારીખ થી મળવા પાત્ર પેન્શન ગ્રેજ્યુટી રજાઓ અન્ય લાભો વગેરે ચૂકવવાનો આદેશ કરતા નિવૃત્ત થયેલ ૩૪+ જેટલા કામદારોને અંદાજી રકમ રૂપિયા ૧ કરોડ ૭૮ લાખ ચૂકવાશે. આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના થયેલ આદેશથી ગરીબ અને આદિવાસી વિસ્તારના કામદારો તથા તેમના પરિવારમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે. કામદારોના પરિવારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના તમામ હોદ્દેદારોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી આનંદની લાગણી વ્યક્ત કરેલ છે.

## આપની આજ.......

મેષ : આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે.

વૃષભ : આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

મિથુન : આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે.

કર્ક : તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.

સિંહ: આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

કન્યા : કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે.

તુલા : આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

વૃશ્ચિક : આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઈક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે.

ધનુ : આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે.

મકર : આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો.


કુંભ : આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે.

મીન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લામાં આગામી વિધાનસભા ચૂંટણી મુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે સંવેદનશીલ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવા માટે તેમજ અસામાજિક તત્વો પર અંકુશ લાવવા, ચૂંટણી પ્રક્રિયાને ડહોળવાનો પ્રયાસ કરનાર તત્વો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા માટે તથા મતદારોના નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયા પ્રત્યેના તથા લોકશાહી પ્રત્યેના આત્મવિશ્વાસને વધુ મજબૂત કરવામાં જિલ્લા પોલીસની મદદમાં સીપીએમએફની ૧૦ કંપનીઓ આજ રોજ દાહોદ રેલ્વે સ્ટેશન પર આવી પહોંચી હતી. આ કંપનીઓને સ્થાનિક પોલીસ દ્વારા આવકારવામાં આવ્યા હતા અને જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેમના રહેણાંક સ્થળો પર વિવિધ વાહનો દ્વારા લઈ જવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# દે.બારીયાના દેગાવાડા ગામે કુવામાં પડેલ દિપડાનું વન વિભાગે રેસ્કયુ કરાયું



દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા દેગાવાડા ગામમાં તા.૨૯.૧૦.૨૦૨૨ ના રોજ રાત્રે આશરે ૯ થી ૧૦ વાગ્યાના સમયગાળામાં દેવગઢ બારીયા તાલુકાની બારીઆ રેન્જના ડુખલી બીટ ના દેગાવાડા ગામના પટેલ ફળિયુંના રહીશ પ્રતાપભાઈ નાથુભાઈ પટેલના કુવામાં એક નર દીપડો જેની ઉંમર ૪ થી ૫ વર્ષ જણાઈ આવેલ છે. તેના શિકાર પાછળ દોડતા અકસ્માતે કુવામાં પડી ગયો હતો. જેને ૧૫ કલાકની જેહમત બાદ બારીયા તેમજ સંજેલી રેન્જ સ્ટાફ દ્વારા સફળતા પૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યો. હાલ દીપડાને ઓબઝર્વેશન હેઠળ બામરોલી નર્સરી પર રાખેલ છે. હાલ દીપડો સ્વસ્થ હાલતમાં જણાઈ આવેલ છે.



૩૧ ઓક્ટોબર ૧૮૭૫ ના રોજ જન્મનાર સરદાર પટેલ ની દાહોદ માર્કેટ યાર્ડ ખાતે સ્થાપિત પ્રતિમાને માર્કેટ કમિટી દાહોદના ચેરમેન વાઈસ, ચેરમેન, સભ્યઓ, વેપારી ભાઈઓ તથા અન્ય કાર્યવાહકો દ્વારા તેઓના જન્મદિન નિમિત્તે શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. ગઈકાલે મોરબી ખાતે બનેલ દુર્ઘટનાના મૃતકોને આ તબક્કે મૌન રાખી શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ હતી.

ડબલ એન્જિન સરકાર — સપનાં સાકાર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદી કા અમૃત મહોત્સવ





માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્રભાઈ મોદીના** વરદ્હસ્તે
રૂા.885.42 કરોડના ખર્ચે આદિવાસી સમાજના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં
લોકાર્પણ અને ખાતમુહૂર્ત



# આદિવાસી જન સેવા, સ્નેહ અને સન્માન સભા

1 નવેમ્બર, 2022 | બપોરે 1.00 વાગે

સ્થળ : કકરોલિયા, ખાંડીવાવ, તા. જાંબુઘોડા, જિ. પંચમહાલ



## લોકાર્પણ

1. ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના નવનિર્મિત વહીવટી સંકુલ: રૂા. 52.00 કરોડ
2. વડેક ગામે સંત જોરીયા પરમેશ્વર નવીનીકૃત પ્રાથમિક શાળા અને પ્રતિમાનું અનાવરણ: રૂા. 00.31 કરોડ
3. દાંડિયાપુરા ગામે રૂપસિંહ નાયક નવીનીકૃત પ્રાથમિક શાળા અને પ્રતિમાનું અનાવરણ: રૂા. 00.30 કરોડ

## ખાતમુહૂર્ત

1. ગોધરા ખાતે નવીન જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, હોસ્ટેલ તેમજ સ્ટાફ ક્વાટર્સ: રૂા. 522 કરોડ
2. શીલજ-અમદાવાદ ખાતે નવીન કૌશલ્યા-ધ સ્કીલ યુનિવર્સિટી: રૂા. 164.76 કરોડ
3. ગોધરા ખાતે નવીન કેન્દ્રીય વિદ્યાલય સંકુલ: રૂા. 23.87 કરોડ

## ભૂમિપૂજન

1. ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક ભવનોનાં નિર્માણ તથા માળખાકીય સુવિધાઓનું ભૂમિપૂજન: રૂા. 122.18 કરોડ

## આદિવાસી સમાજને પંચ પ્રકલ્પની ભેટ


શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કૃતિ, સ્કીલ
અને સુવિધાથી આદિવાસી સમાજનાં
વિકાસનો માર્ગ ખુલશે

કુલ લોકાર્પણ: રૂા. 52.61 કરોડ | કુલ ખાતમુહૂર્ત: રૂા. 710.63 કરોડ | કુલ ભૂમિપૂજન: રૂા. 122.18 કરોડ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી પંચમહાલના જાંબુઘોડામાં

# રૂા.૮૮૫.૪૨ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે

- ગોવિંદગુરૂ યુનિવર્સીટી ગ્રીન એડમિનિસ્ટ્રેટિવ બ્લોક ધરાવતી ગુજરાત રાજ્યની પ્રથમ સ્ટેટ યુનિવર્સિટી બનશે.
- સ્વાતંત્ર્ય સંગ્રામના વીર શહીદોની યાદમાં સંત જોરિયા પરમેશ્વર પ્રતિમા અને શહીદ રૂપસિંહ નાયક સ્મારક પ્રતિમાનું લોકાર્પણ થશે.
- રૂા.૫૨૨ કરોડના ગોધરા મેડિકલ કોલેજ અને રૂા.૧૬૪ કરોડના કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત.
- GMERS મેડિકલ કોલેજથી પંચમહાલના લોકોને પોતાના જ જિલ્લામાં આધુનિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે.
- કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા આગામી ૧૦ વર્ષમાં ૩ લાખ યુવાનોને તાલીમ અને કૌશલ્ય પ્રદાન કરવાનો ધ્યેય.



ગોધરા,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ ઓક્ટોબરથી ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ૧ નવેમ્બરે તેઓ પંચમહાલના આદિવાસી વિસ્તાર જાંબુઘોડાની મુલાકાત લઈ જનસભાને સંબોધન કરશે. આ આદિવાસી વિસ્તારમાં તેઓ રૂા.૮૫૮ કરોડના વિવિધ વિકાસકાર્યોની ભેટ આપશે. વડાપ્રધાન આ મુલાકાત દરમિયાન શિક્ષણ, શ્રમ અને રોજગાર, તેમજ આરોગ્ય વિભાગ સંબંધિત વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધીના ગ્રામીણ વિકાસ અને આત્મનિર્ભર ગામડાઓનું સ્વપન સાકાર કરવા હાકલ કરી છે, સાથે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિવિધ ક્ષેત્રે સુવિધાઓ વિકસિત કરવા માટે જરૂરી આધાર નિર્માણ કર્યો છે. જેના લીધે વિવિધ ગામો અને જિલ્લાઓમાં વિકાસકાર્યોને વેગ મળ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાંબુઘોડામાં રૂા.૫૨.૬૧ કરોડના ખર્ચે બનેલા ગોવિંદગુરૂ યુનિવર્સિટી બિલ્ડીંગના એડમિનિસ્ટ્રેટીવ બ્લોક અને બે પ્રાથમિક શાળાઓનું લોકાર્પણ કરશે. આ સાથે જ તેઓ ગોધરા મેડિકલ કોલેજ અને કૌશલ્યા– ધ સ્કિલ યુનિવર્સિટીના રૂા.૬૮૬ કરોડના પ્રોજેક્ટનું સાથે ગોધરા કેન્દ્રિય વિદ્યાલયના બિલ્ડિંગના વિકાસકાર્યોનું ખાતમુહુર્ત કરશે. સાથે જ રૂા.૧૨૨.૧૮ કરોડના GGUના વિવિધ એકેડેમિક બ્લોક બિલ્ડિંગનો શિલાન્યાસ કરશે.

પર્યાવરણના રક્ષણ અને જાળવણી માટે વડાપ્રધાને ગત વર્ષે ગ્લાસગોમાં યોજાયેલા COP26 સંમેલનમાં લાઈફસ્ટાઈલ ફોર એનવાયર્મેન્ટ (LiFE) ના વૈશ્વિક આંદોલનની જાહેરાત કરી હતી અને આંતરરાષ્ટ્રીય જન સમુદાયને LiFE ને આંતરરાષ્ટ્રીય આંદોલન તરીકે દોરી જવાની હાકલ કરી હતી. આ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં પૃથ્વીને બચાવવા માટે રિડ્યુસ, રિયુઝ અને રિસાઈકલના સિદ્ધાંત પર પણ ભાર મૂક્યો હતો. આ બાબતને ધ્યાનમાં રાખીને ગોવિંદગુરૂ યુનિવર્સિટીએ તેના કેમ્પસમાં ગ્રીન બિલ્ડીંગ બનાવવાનો નિર્ણય લીધો છે.

ગોવિંદગુરૂ યુનિવર્સિટી IGBC પ્રમાણિત ગ્રીન એડમિનિસ્ટ્રેટિવ બ્લોક ધરાવતી ગુજરાતની પ્રથમ સ્ટેટ યુનિવર્સિટી હશે. આ ગ્રીન એડમિનિસ્ટ્રેટિવ બ્લોક વધુ સારી ઈન્ડોર એન્વાયરમેન્ટ ક્વોલિટી સાથે એનર્જી અને વોટર એફિશિયન્ટ બિલ્ડીંગ હશે જેનાથી, ઓપરેશન ખર્ચમાં ૩૦–૪૦ ટકા સુધીનો ઘટાડો થશે. આ પ્રોજેક્ટ દ્વારા ૧.૫૦ લાખ વિદ્યાર્થીઓ, ૧૫૦૦ પ્રોફેસરો, ૮૩૮ પીએચડી વિદ્યાર્થીઓ, ૨૩૯ કોલેજો અને ૮ ભવનને લાભ થશે.

સ્વાતંત્ર્ય સંગ્રામના વીર શહીદો રાજા રૂપસિંહ નાયક અને સંત જોરીયા પરમેશ્વરની યાદમાં તેમના વતન દાંડીયાપુરા અને વડેક ગામની પ્રાથમિક શાળાઓને આ શહીદોના નામ સાથે જોડવામાં આવી છે. આ ઉપરાંત, જાંબુઘોડાથી ૮ કિમી દૂર વડેક ગામ ખાતે સંત જોરિયા પરમેશ્વરની સ્મારક પ્રતિમા અને જાંબુઘોડાથી ૧૦.૫ કિમી દૂર દાંડિયાપુરા ગામમાં શહીદ રૂપસિંહ નાયક સ્મારક પ્રતિમા પણ બનાવવામાં આવી છે. જેનું વડાપ્રધાન લોકાર્પણ કરશે. તાલુકાના પ્રવાસનને વેગ મળે તે માટે શાળાઓના વિકાસ તથા શહીદોની સ્મૃતિમાં ઓડિયો વિઝ્યુઅલ દ્વારા શહીદોની ગાથાનું વર્ણન, ગ્રીન ગ્રાસ પાથ–વે, ઈકો ફ્રેન્ડલી ગાર્ડન, આઉટડોર સિટીંગ ફેસીલીટી વગેરેનું નિર્માણ કરવાના કામોને મંજૂરી આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે કૌશલ્યા–ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧માં યુવાનોને સ્કિલ સ્માર્ટ બનાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. આ યુનિવર્સિટીનું કેમ્પસ શીલજ ખાતે ૫૫,૮૧૬ ચોરસ મીટરની જમીનમાં વિકસાવવામાં આવશે. વધુમાં, આ યુનિવર્સિટી દ્વારા આગામી ૧૦ વર્ષમાં ૩ લાખ યુવાનોને તાલીમ અને કૌશલ્ય પ્રદાન કરવાનું ધ્યેય નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર તમામ યુવાનોને એપ્રેન્ટિસશીપ, ઓન ધ જોબ તાલીમ અને પ્લેસમેન્ટની તક આપવામાં આવશે.

GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલની સ્થાપનાને કારણે પંચમહાલ જિલ્લાના લોકોને તેમના જ જિલ્લામાં આધુનિક આરોગ્ય સેવાઓ મળી રહેશે. જિલ્લાના યુવાનોને MBBSમાં પ્રવેશ મેળવવાની તક મળશે સાથે જ આધુનિક હોસ્પિટલ સ્થપાવાથી વસ્તીના રેશિયોની સામે ડોકટરોની અછત ઘટશે. આ હોસ્પિટલ ૨૦ એકર જમીન પર બંધવામાં આવશે, જેમાં MBBSના વિદ્યાર્થીઓ માટે ૧૦૦ બેઠકો હશે.

## શહેરા માં પાનમના પીવાના પાણીની પાઈપ લાઈન છાસવારે લીકેજ થતા હજારો લિટર પાણીનો વેડફાટ

શહેરા,
શહેરા તાલુકામાં આવેલા પાનમ જળાશય માંથી પાણીનો જથ્થો ગોધરા સ્થિત આવેલી પંચમહાલ ડેરીમાં પહોંચડાવમાં આવે છે. હવે આ પાઈપ લાઈન જ્યાં નાખવામાં આવી છે, ત્યાંથી લઈને શહેરા સુધીમાં કેટલાયે ગાબડા પડેલા છે. શરૂઆતમાં સામાન્ય લીકેજ થી લઈ પછી મસમોટા ભુવા પડવા અથવા તો લીકેજવાળી જગ્યા બેસી જવાના બનાવો ભૂતકાળમાં બનવા પામ્યા છે. ત્યારે રવિવારના રોજ શહેરા માર્કેટિંગયાર્ડ બહાર હમણાં થોડા સમય પહેલાં જ બીજી વખતનું સમારકામ પાઈપ લાઈનમાં ભંગાણ થતા હાથ ધરાયું હતું. ત્યાં ફરીથી ભંગાણ સર્જાતા કામગીરી સામે અનેક પ્રશ્નોએ સ્થાન લીધું છે. ભંગાણના કારણે વાહન વ્યવહાર પર મોટી અસર પડી હતી અને વન વે વાહન વ્યવહાર કરવામાં આવતા લાંબા ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. આમ, બે વખતના સમારકામ બાદ પણ ત્રીજી વખત લીકેજ થતા લાખો લીટર પાણીના બગાડ માટે જવાબદાર કોણ ? ચોમાસા દરમિયાન પણ પાનમ જળાશયમાં પૂરતા પ્રમાણમાં પાણીની આવક ન થતાં આગામી સમયમાં કદાચિત સિંચાઈ અને ઘર વપરાશના પાણી માટે સમસ્યા ઉભી થઈ શકે તેવામાં આ રીતનો પાણીનો વેડફાટ થકી તંત્ર શું સાબિત કરવા માંગે છે. શું સમારકામના નામે અધિકારીઓ અને તેઓના મળતીયાઓ સરકારના રૂપિયા પોતાના ખિસ્સામા જ સેરવતા હશે ! નોંધનીય છે કે, ત્રીજી વખત એક જ જગ્યાએ સમારકામ હાથ ધરાયું છે. ત્યાંથી લઈ છેક બસ મથક વિસ્તાર સુધી પાનમ પાઈપલાઈનમાં ગાબડા પડ્યા હોવાના બનાવો બનવા પામ્યા છે, પરંતુ કોઈ ને કોઈ કારણોસર ભંગાણ ફરીથી સર્જાતું રહે છે. આમ, કહી શકાય કે અધિકારીઓ અને તેની નીચેના કર્મચારીઓ સર્જાતા ભંગાણના સમારકામમાં ગંભીરતા ન દાખવતા મુખ્ય કહી શકાય એવા કાર્યમાં નિરાકરણ નથી આવતું અને આવું ક્યાં સુધી ચાલશે શું અધિકારી આ બાબતે પોતાની પ્રતિબદ્ધતા બતાવી આ પ્રકારના ભંગાણને અટકાવશે કે કેમ એ તો આવનાર સમય જ કહેશે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

## કાલોલ તાલુકાના શામળદેવી-મધવાસના ગુલ્લીબાજ દબંગ તલાટી વિરૂદ્ધ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત છતાં કોઈ કાર્યવાહી નહિં કરતાં અધિકારીના છુપા આર્શિવાદની ચર્ચા

ગોધરા,
કાલોલ તાલુકાના શામળદેવી અને મધવાસ ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા કર્મચારી પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવી રહ્યા છે અને ગ્રામ પંચાયત કચેરીમાં ગેરહાજર રહી તાલુકા પંચાયત કચેરીની સામે ખાનગી ઓફિસ ખોલીને વહીવટ ચલાવી રહ્યા હોવાનો અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ થયા બાદ તલાટી વિરૂદ્ધ ટી.ડી.ઓ.ને લેખિત રજુઆત કરવામાં આવ્યા છતાં ગુલ્લીબાજ અને દાદાગીરી કરતાં તલાટી વિરૂદ્ધ કોઈ પગલાં ભરવામાં નહિ આવતાં તાલુકા વિકાસ અધિકારીના છુપા આર્શિવાદ થી તલાટી દબંગાઈ કરતાં હોવાનું લાગી રહ્યું છે.

કાલોલ તાલુકાના શામળદેવી અને મધવાસ ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે એસ.એસ.ઠાકોર ફરજ બજાવે છે. આ બન્ને ગ્રામ પંચાયત કચેરીમાં સતત ગેરહાજર રહેતા તલાટી એસ.એસ.ઠાકોરના વિરૂદ્ધમાં શામળદેવીના ગ્રામજનો દ્વારા તલાટી ગુમ થયાના બેનરો લગાવી તેમજ પંચાયત કચેરીમાં તલાટી હાજર ન રહેવા બાબતે તાલુકા કચેરીમાં રજુઆત કરાઈ હતી. તેમ છતાં તલાટી એસ.એસ.ઠાકોર સામે કોઈ કાર્યવાહી નહિ કરવામાં આવતાં તલાટી પોતાની મનમાની રીતે સરકારી નિયમોની ઉપરવટ જઈને કાલોલ તાલુકા પંચાયત કચેરીની સામે ખાનગી ઓફિસ ખોલીને શામળદેવી, મધવાસ અને ચલાલી પંચાયતનો વહીવટ ચલાવતા હોય જેને લઈ પત્રકાર દ્વારા તલાટીની ખાનગી ઓફિસના ફોટોગ્રાફી કરી અહેવાલ અખબારમાં છાપતા ગુલ્લીબાજ તલાટીની પોલ ખુલ્લી પડતાં તલાટી એસ.એસ.ઠાકોર દબંગાઈ ઉપર ઉતરી આવ્યા હતા અને તાલુકા પંચાયત કચેરી ખાતે અખબારના પ્રતિનિધી સાથે હાથાપાઈ ઉપર ઉતરી આવ્યા હતા. જેને લઈ તલાટીના ગેરવર્તન અને દબંગાઈ માટે કાલોલ તાલુકા વિકાસ અધિકારીને તલાટી વિરૂદ્ધ લેખિત રજુઆત કરાઈ હતી. તેમ છતાં ગુલ્લીબાજ અને દબંગ તલાટી સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં નહિ આવતાં તલાટી ઉપર અધિકારીઓના છુપા આર્શિવાદને લઈ ફરજ પ્રત્યેપણ બેજવાબદાર હોવાનું લાગી રહ્યું છે. તલાટી કમ મંત્રી સામાન્ય રીતે અવારનવાર વિવાદમાં રહેતા હોય છે. તેમાં પણ એસ.એસ.ઠાકોર રાજકીય સાંઠ–ગાંઠ ધરાવતા હોવાને લઈ ખાતાકીય તપાસનો ડર રાખતા નથી. રાજ્યમાં યોજાનાર વિધાનસભા ચુંટણીમાં ઉમેદવાર બનવાના અભરખાં સેવી રહ્યા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. ત્યારે હાલ સરકારી ફરજ પ્રત્યે બેદરકાર રહેતા તલાટી જનસેવક બનીને પ્રજાની શું સેવા કરશે. તેવા પણ અનેક સવાલો લોકોમાં ઉઠી રહ્યા છે.



તા.૩૧.૧૦.૨૦૨૨ ઓક્ટોમ્બર ૭૫માં આઝાદી અમૃત મહોત્સવ અંતગતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પંચમહાલ જિલ્લામાં વિવિધ તાલુકામાં આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ કુદ મંત્રાલય અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા રામાપીર/ગાયત્રી મંદિર રતનપુર ખાતે રાષ્ટ્રીય એકતા દોડ કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમાં વિવિધ ગામ માંથી યુવક/મંડળ તેમજ ગામ આજુબાજુના રહેતા વિસ્તારમાં યુવાનો જોડાયા હતા. નિયમિત દોડ અને કસરત કરવાથી ફાયદા વિશે માહિતી તેમજ થાક ચિંતા અને તણાવ દુર થાય છે. શાળા ભૂતપૂર્વ આચાર્ય શિક્ષક ગોકળભાઈ પરમાર કહ્યું હતું. યુવાનો બાળકોનેજિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ ચોરમલે સૌ નાગરિકો યુવાનોને શરીર ફિટ રાંખવા માટે દરરોજ દોડ, યોગા અને કસરત કરવાની અપીલ કરી છે. સૌને હાર્દીક અભિનંદન સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.

## કાલોલના પરૂણા ગામે ગોમા નદીમાં રેતીની લીઝમાં રેતી કાઢવા માટે પૂજાવિધી દરમિયાન ઈસમો મારમારી ૬૯ હજારની મત્તાની લુંટ કરતાં ફરિયાદ

કાલોલ,
કાલોલ તાલુકાના પરૂણા ગામે ગોમા નદી તટ પાસે બ્લોક નં. બી–૨ સરકારી ધારાધોરણ મુજબ મેળવેલ હોય અને લાભ પાંચમના દિવસે રેતી કાઢવાની કામગીરી શરૂ કરતા પહેલા પૂજાવિધી માટે ફરિયાદી અને અન્ય લોકો સાથે કરતા હતા. ત્યારે આરોપીએ લાકડી સાથે આવી ગડદાપાટુનો મારમારી ૬૯,૦૦૦/– રૂપીયાની મત્તાની લુંટ કરી બાઈકને નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના પરૂણા ગામે ગોમા નદીના પટમાં બ્લોક નં. બી–૨ સરકારી ધારાધોરણ મુજબ આરીફ ઈબ્રાહિમ ઘંત્યાએ મેળવેલ હોય અને તેનો વહિવટ વનરાજસિંહ પ્રવિણસિંહ ગોહિલને આપેલ હતી. ૨૯ ઓકટોમ્બરના રોજ લાભ પાંચમના દિવસે રેતી કાઢવાની કામગીરી શરૂ કરવાનું હોય જેથી વનરાજસિંહ બ્લોક બી–૨ માં પૂજાવિધી કરવાના હતા. દરમિયાન આરોપીઓ કિરીટસિંહ પરમાર, વિનોદભાઈ પરમાર, પર્વતભાઈ પરમાર, દિનેશભાઈ પરમાર, ગુલાબભાઈ પરમાર, રાજેશભાઈ પરમાર, પૃથ્વીસિંહ પરમાર, વિપુલભાઈ પરમાર, સુનિલભાઈ પરમાર, પ્રકાશભાઈ પરમાર, દશરથભાઈ પરમાર સાથે લાકડીઓ સાથે દોડી આવી ગડદાપાટુનો મારમારી પગમાં ઈજાઓ પહોંચાડી વનરાજસિંહનો મોબાઈલ ફોન, સોનાની ચેઈન, સોનાની વીંટી, રોકડા રૂપીયા ૯,૦૦૦/– મળી કુલ ૬૯,૦૦૦/–રૂપીયાની મત્તાની લુંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

### શહેરા નગરપાલિકા
### જાહેર નિવિદા
### ટેન્ડર નોટીસ નં.૦૮, વર્ષ ૨૦૨૨-૨૩

મુખ્ય અધિકારી, શહેરા નગરપાલિકા, જિ.પંચમહાલ દવારા એમ.એલ.એ. જોગવાઈ વર્ષ ૨૦૨૨–૨૩ નો ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં રેન બસેરા તથા એપ્રોચ રોડ બનાવવાના કામોએ સંલગ્ન રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૪,૧૩,૫૨૨.૦૦ છે. કોરા ટેન્ડર શહેરા નગરપાલિકા કચેરી ખાતેથી તા.૦૫/૧૧/૨૦૨૨ સુધી લેટરપેડ પર અરજી તથા રજીસ્ટ્રેશન કોપી તથા જીએસટી રજીસ્ટ્રેશન કોપી તથા રૂા.૯૦૦/– ટેન્ડર ફી ભર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમ્યાન મેળવવાના રહેશે. અને ભરેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તા.૦૭/૧૧/૨૦૨૨ ના ૧૬.૦૦ કલાક સુધી રહેશે. આવેલ ટેન્ડરો મંજુર કરવાની આખરી સત્તા કારોબારી સમિતિની રહેશે.

માહિતી/ગોધરા/૬૯૫/૨૦૨૦

શહેરા નગરપાલિકા

*Happy New Year*
**Bharat Mineral Corporation**
Treating Water with a Difference
Undebad Materilas For Water Treatment
Vaibhav Parikh : 94260 61354, 92274 61354
Tel.No.02672-250600, Fax-250601, 242828
E-mail : bharatmineralcorp@rediffmail.com
Works :Govindi, Sampa Road, B/h. FCI, Godhra. PMS
Office : -109, "Kiran" Mahavir, Nagar, V.I.P Road, Godhra-389001, Panchmahal, Gujarat

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
**સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ**
મૌલિન બી. શાહ (મેનેજીંગ ટ્રસ્ટી)
તથા સમસ્ત ટ્રસ્ટી મંડળ-કર્મચારી પરિવાર
મુ.પો. કાંકણપુર, તા.ગોધરા, જી.પંચમહાલ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
**નેશનલ મીનરલ્સ**
ઓટોમેટીક ક્વાર્ટઝ કશીંગ પ્લાન્ટ, ક્વાર્ટઝ સીલીકા સેન્ડ, ચીપ્સ અને પાવડરના ઉત્પાદક
મો.૯૮૯૮૨ ૨૧૩૦૬
ફોન નં. ૨૯૨૦૦૬/૩૨૫૩૯૩/૬૫૧૩૪૫
ગોધરા-વડોદરા હાઇવે, ચીખોદ્રા, ગોધરા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
**એસ. ટી. ઉપહાર ગૃહ**
અશોકભાઈ લાલવાણી
સ્થળ : બસ સ્ટેશન, ગોધરા, જી.પંચમહાલ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
**બ્લોક હેલ્થ કચેરી**
લુણાવાડા, જી.મહીસાગર

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
**ડો.કનુભાઈ એસ. જોષી**
(BAMS)
ફોન નં.(૦૨૬૭૨) ૨૮૧૫૭૬
મુ.ટીમ્બા ગામ, તા.ગોધરા, જી.પંચમહાલ

**MY GYM 3.0**
Dhiraj Malhotra
Strength and Congditioning Coach
Timing : 5 am to 11 am / 4 pm to 9 pm
Personal training: Level 1 trainer fees 3000 rupees per month; Level 2 trainer fees 8000 rupees per month
Facilities : - Locker Room - Changing Room - Wash Room - Air Conditional Gym - Advance Gym Equipment
Service - One on One Coaching - Personal Training - Group Training - General Training - Physiotherapist
WEIGHT LOSS / FAT LOSS BATCH FOR LADIES
Contact No. 99048 09508
Address : RAJAN SQUARE Opposite Vejalpur Police Station.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.59